સુવિચાર : ફૂલો ચઢાવ્યે શું વળે પથ્થરની આસપાસ.. શ્રદ્ધા સુવાસ જોઇએ અંતરની આસપાસ - સાંઇરામ



આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૩૬ | ૨૫ જુલાઇ, ૨૦૧૫, શનિવાર ; અષાઢ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મધુર ડેરીની ચૂંટણી રદ

## નવુ સીમાંકન પેટા કાયદાઓ સાથે સુસંગત ન હોવાનું કોર્ટનું તારણ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ (મધુર ડેરી)નું બીજીવાર સીમાંકન રાજ્યની વડી અદાલતે આજે તેના ચુકાદામાં રદ કરી અને નવેસરથી સમગ્ર પ્રક્રિયા હાથ ધરવા જણાવ્યું છે.

વડી અદાલતમાં પ્રાંત અધિકારીએ નવા જારી કરેલા સીમાંકનને પડકારવામાં આવ્યું હતું. સુનાવણીને અંતે નામદાર કોર્ટે આજે સીમાંકન રદ કરી અને નવેસરથી ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવા જણાવ્યું છે.

કોર્ટે ચુકાદામાં નોંધ્યું છે કે ડેરીના જે પેટા કાયદાઓ છે તેને સુસંગત આ સીમાંકન નથી અને તેથી ચૂંટણી પ્રક્રિયા થાય તે યોગ્ય નથી.

એક જ મહિનાના ટુંકાગાળામાં બીજીવાર વડી અદાલત દ્વારા સીમાંકન રદ કરવામાં આવતાં સહકારી ક્ષેત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

મળતી વિગતો મુજબ હવે નવેસરથી કાર્યવાહી કરવાની હોવાથી ચૂંટણી અધિકારી વ પ્રાંત અધિકારીએ બે માસ જેટલો સમયગાળો માંગ્યો છે જે કોર્ટે ગ્રાહ્ય રાખ્યો છે. અર્થાત હવે ચૂંટણી પ્રક્રિયા સપ્ટેમ્બરમાં હાથ ધરાશે તેમ સહકારીક્ષેત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર મધુર ડેરીના ચૂંટણી જંગ પર રાજકીય આગેવાનોની નજર પણ મંડાયેલી છે. હવે પછીનો જંગ વધુ રોચક બનશે તેમ મનાઈ રહ્યું છે. મતદાર મંડળની નોંધણી સહિત તમામ બાબતોને ધ્યાને રાખી નવુ સીમાંકન કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

તાજેતરમાં જ પ્રાંત અધિકારીએ ચૂંટણી અંગે નવું સીમાંકન જારી કરી અને ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી હતી. નવા સીમાંકનમાં ભૌગોલિક વિસ્તારોને ધ્યાને રાખી કલસ્ટર બનાવાયા હતા તેમજ બોર્ડમાં ૪ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી હતી.





(તસવીર : કશ્યપ નિમાવત)

રાસબરી - નાસપતિ - વ્રતની મોસમ આરંભાતાની સાથે જ રાસબરી અને નાસપતિ જેવા ફળો બજારમાં દેખાવા લાગ્યા છે... આજકાલમાં કન્યાઓના ગૌરીવ્રત સહિતના વ્રતો આરંભાશે અને એ વ્રતો માટે જ ખાસ આરોગ્યપ્રદ બંને ફળો સ્ફૂર્તિ પોષક હોય છે... એટલે જ વ્રતોમાં બંને ફળોનો ઉપાડ મહત્તમ રહે છે...

# ચિલોડા-સરખેજ નેશનલ હાઈવેને સ્ટેટ હાઈવે જાહેર કરાયો

ગાંધીનગર તા ૨૪

ચિલોડા સરખેજ ૪૪ કીમીના નેશનલ હાઈવેને માર્ગ મકાન વિભાગના કેન્દ્રીય મંત્રાલયે ડીનોટીફાઈ કરીને સ્ટેટ હાઈવે જાહેર કરવા નોટીફિકેશન બહાર પાડી દીધુ છે. આ માર્ગ પરથી આમપણ ભારે વાહનો પસાર થતા નથી ત્યારે તેની જાળવણીનો ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવવા અસંમતિ દાખવી દીધી છે. જો કે આ મામલે રાજય સરકારે પત્ર વ્યવહારના માધ્યમથી આ માર્ગને નેશનલ હાઈવેનો દરજ્જો યથાવત રાખવા સમજૂતી કરવાના પ્રયાસો હાથ ધર્યા છે.

વિકાસના નવા આયામો સાથે ગાંધીનગર શહેર ઉપરાંત જિલ્લા આસપાસના રોડ નેટવર્કનો સિનારીયો પણ બદલાયો છે. જયારે ગ્રામિણ વિસ્તારમાં પણ રોડનેટવર્ક અપગ્રેડ થયુ છે. બીજીતરફ શહેરના નેશનલ હાઈવેને લઈને પણ ટ્રાફિકનો આમપણ ભારે વાહનોની અવરજવર થતી નથી. અલબત્ત ભારે વાહનોને જવા દેવામાં આવતા નથી. રૂટમાં આવતા એસ જી હાઈવે પણ કાયમ ટ્રાફિકથી ભરચક જોવા મળે છે.

### પાટનગર તેમજ અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાંથી પસાર થતા આ માર્ગ પર ભારે વાહનો પસાર થવા દેવાતા નથી : ડીનોટીફાઈ ન કરવા દેવા રાજય સરકારના પ્રયાસો



સિનારીયો છેલ્લા એક દાયકામાં ઘણો બદલાયો છે. જયારે નેશનલ હાઈવે તરીકે ઓળખાતા ચિલોડા થી સરખેજ વચ્ચેના ૪૪ કીમી માર્ગને હવે ડીનોટીફાઈ કરવા કેન્દ્રીય મંત્રાલયે નોટીફીકેશન જાહેર કરી દીધુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ માર્ગ પર જયારે આ સ્થિતિ વચ્ચે તેનો ખર્ચ કેન્દ્ર સરકાર શા માટે ભોગવે તેવો મુદ્દો ઉપસ્થિત થતા કેન્દ્ર સરકારના મંત્રાલય દ્વારા આ માર્ગને ડીનોડીફાઈ કરીને સ્ટેટ હાઈવે જાહેર કરી દેવામાં આવ્યો છે. આવા સંજોગોમાં રાજય સરકારે

● અનુસંધાન પાન-૭ પર

# સામાજિક સમરસતાનો ધોરીમાર્ગ એટલે પંચાયતી રાજ

## ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે પંચાયત પદાધિકારીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શતાયુ નાગરિકોનું સન્માન કરાયું : ટાંચા સાધનો વચ્ચે પણ પંચાયતી રાજ વ્યવસ્થાને જીવંત રાખનાર મોભીઓનું ઋણસ્વીકાર કરવું એ ફરજ છે : ઉપાધ્યક્ષ

ગાંધીનગર, તા. ૨૪

પંચાયતી રાજ વ્યવસ્થા એ સંવાદથી સામાજીક સમરસતા તરફની ગતિની અનોખી વ્યવસ્થા છે અને તેથી જ ગુજરાતની આ ત્રિસ્તરીય રાજવ્યવસ્થાએ આજે પણ ભારત વર્ષમાં શ્રેષ્ઠત્તમ પુરવાર થઈ છે. એમ રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે આજે જિલ્લા પંચાયત આયોજીત પદાધિકારીઓના સન્માન સમારોહમાં અધ્યક્ષીય પ્રવચન આપતા કહ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી આત્મારામ પરમારે જણાવ્યું હતું કે, આ ઉમદા કાર્યક્રમની પ્રેરણા અને માર્ગદર્શન ગુજરાતના તત્કાલિન મુખ્ય મંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યું છે. રાજકારણમાં સમયાંતરે સત્તા પરિવર્તન આવે છે, ત્યારે શાસકકર્તા બદલાય છે, નવી નવી યોજનાઓ અમલમાં આવે છે. પરંતુ આ કાર્યક્રમ કોઈ એક રાજકીય પક્ષનો નથી, પરંતુ આ કાર્યક્રમ થકી ગાંધીનગર જિલ્લાના સ્થાનિક સ્વરાજયના પાયા નાંખનાર અને આ પાયા પર ચડતર કરી સ્થાનિક સ્વરાજયની મજબૂત દિવાલ બનાવનાર સર્વેનું સન્માન કરવામાં આવ્યું છે.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, અગાઉના સમયમાં સુવિધાઓ આટલી બધી ન હોતી, ગામડામાં ખરાબ રસ્તા તથા વીજળી અને પાણીની મુશ્કેલી હતી. અભાવવાળી જિદગી હોવા છતાં તે સમયના મજબૂત મનોબળવાળા વ્યક્તિઓ દ્વારા સમાજની સેવા કરવાનું ચાલુ રાખ્યું હતું. આજે સ્થિતિ બદલાઈ છે, વિકટ પરિસ્થિતિઓમાં જેમણે સેવાનો માર્ગધૂન છોડ્યાં નહી, સતત લાગેલા રહ્યાં માટે આજે આપણું જીવન સુખી, સુવિધાસભર છે. સંઘર્ષમય જીવન જીવીને સમાજને સારું નેતૃત્વ પુરું પાડનાર આપણા પૂર્વજોના જીવનમાંથી પ્રેરણા લેવા જેવી છે. જે સમાજ પોતાના સમાજના મોભીઓ, નેતૃત્વ કરનાર, સમર્થનું સન્માન નથી કરતો તેનું પતન વહેલું થઈ જાય છે, તેવું પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

આરોગ્ય, તબીબી શિક્ષણ અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજયની સ્થાપના ૫૦ વર્ષ પુર્ણ થતાં ગુજરાત સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ગુજરાતની બે વિશિષ્ટતાઓની નોંધ લેવાઈ છે, એક પંચાયતી રાજ વ્યવસ્થા અને બીજું સહકારી માળખું આ બન્ને ખૂબ જૂની અને મજબૂત વ્યવસ્થાઓ છે. ત્રિસ્તરીય પંચાયતી રાજના કારણે ગામડાઓને વિવિધ ગ્રાન્ટ, વિકાસ માટેના નાણા મળતા થયાં છે. ગામડાઓનો વિકાસ થયો છે. આ સરકારના શાસનમાં પંચાયતી રાજની વ્યવસ્થાને મજબૂત બનાવવામાં આવી છે. ગામડાઓમાં જયોતિગ્રામ યોજના દ્વારા ૨૪ કલાક વીજળી, રસ્તા અને પાણી, આરોગ્ય, શિક્ષણની પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવી છે. જેના થકી આજે ગામડાઓ તૂટતા બચ્યા છે. આજે સન્માન કરવામાં આવેલ તમામ મહાનુભાવો આજની નવી પેઢી માટે પ્રેરણારૂપ છે.

આ પ્રસંગે ગુડાના પૂર્વ ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, પૂર્વ મંત્રી શ્રી વિપુલભાઈ ચૌધરી, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સરોજબેન ઠાકોર, શ્રી નાથાજી ઠાકોર, શ્રી રમણભાઈ પટેલે પોતાના પ્રતિભાવો આપ્યા હતા. આ પ્રસંગે ચારે તાલુકાના જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ અને પ્રમુખશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સ્વાંત્ર્ય સેનાનીઓ અને શતાયુ નાગરિકોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત અને કાર્યક્રમની રૂપરેખા ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલે આપી હતી. આર્શીવચન પૂર્વ મંત્રી શ્રી

● અનુસંધાન પાન-૭ પર



### ૪૯ પૂર્વ સદસ્યો, પાંચ પૂર્વ વિધાયકો અને ૮ શતાયુ વડીલોનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા આજે આયોજિત પંચાયત પદાધિકારીઓના સમારોહમાં કોંગ્રેસના બહિષ્કારને પગલે ૪૯ પૂર્વ સદસ્યો, પાંચ પૂર્વ ધારાસભ્યો, ૮ શતાયુ પૂર્ણ કરનાર વડીલો અને એક સ્વાતંત્ર્ય સેનાની મહિલાને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આજના આ સમારોહમાં શહેર ભાજપ અને જિલ્લા ભાજપના પ્રમુખને પણ ડાયસ પર સ્થાન આપવામાં આવ્યું હતું.

રાજ્યકક્ષાના ત્રણ પૂર્વ મંત્રીઓ શ્રી વાડીભાઈ પટેલ, શ્રી ઈશ્વરસિંહ ચાવડા અને શ્રી વિપુલ ચૌધરીની હાજરી સૌના આકર્ષણનું કેન્દ્ર હતી.

શતાયુ પૂર્ણ કરનાર વડીલોનું સન્માન મંત્રીશ્રી નીતિન પટેલ અને ઉપાધ્યક્ષ શ્રી આત્મારામ પરમારે તેમની ખુરશી પાસે જઈ કર્યુ હતુ. ત્યારે હોલ ભાવવિભોર બની ગયો હતો.

### આ સમારોહ એ તો મનનો મેળો છે : અશોક ભાવસાર

ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય અને ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારે આજના સન્માન સમારોહને મનને મેળો લેખાવતાં જણાવ્યું હતું કે બધાને મળવાનો આનંદ અને અને સેવાઓની નોંધ લેવાય તેનાથી જે ખુશી થાય તે મનનો મેળો જ કહેવાય.

શ્રી ભાવસારે ગ્રાન્ટ માટે ટેબલે ટેબલે ફરી અને કામ કરાવતા તે દિવસોની યાદ તાજી કરી હતી. તેમણે જણાવ્યું કે એ દિવસોમાં તો રેતી કાંકરીની સિમીત ગ્રાન્ટ આવતી તેમજ સરકારી અનુદાનો પણ સીમીત હતા. આજે પંચાયતી રાજ વ્યવસ્થા સુદૃઢ બની છે અને સદસ્યોને વિસ્તાર વિકાસ માટેની ગ્રાન્ટ મળતી થઈ છે તેનાથી વધુ આનંદ કયો હોઈ શકે.

શિક્ષણ સમિતિના ચેરમેન રહી ચુકેલા પૂર્વ સહકાર મંત્રીશ્રી વાડીભાઈ પટેલે પંચાયતી રાજ વ્યવસ્થામાં ૧૯ વર્ષ કાર્યરત રહેવાના સ્મરણોને વાગોળી જણાવ્યું હતું કે ૧૯૯૫ પછી ભાજપની સરકારે પંચાયતી રાજને આર્થિક સમૃધ્ધતા તરફ દોરી છે.

તેમણે રાજય સરકારે પંચાયતી રાજ માટે અનેક વિધ કદમો જે ઉઠાવ્યા છે તેની નોંધ લેતાં જણાવ્યું હતું કે આ પગલાંઓથી પંચાયતી રાજ વ્યવસ્થામાં સંવાદની પ્રથા વધુ વિકસી છે અને વિકાસ સર્વગ્રાહી બન્યો છે.




## ધી ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી.

### બોર્ડ ઓફ ડીરેક્ટરની ચૂંટણી અંગેનું જાહેરનામું રદ

અત્રેની કચેરીના તા. ૧૪/૭/૨૦૧૫ના હુકમ નં. પીઓ/મધુર ડેરી / ચુંટણી / ૨૨૮૬/૧૫ થી ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી.ના બોર્ડ ઓફ ડીરેક્ટરની ચુંટણી અંગે મતદાર મંડળો જાહેર કરવા હુકમ કરવામાં આવેલ અને તા. ૧૪/૭/૨૦૧૫થી ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચુંટણી બાબતના ૧૯૬૧ના નિયમ-૧૬ની જોગવાઈ અનુસાર નમુના નં.૧ની ચૂંટણી અંગેનો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ. જે મતદાર મંડળ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે. સી.એ. નં. ૧૧૪૩૧/૧૫ તથા ૧૧૭૭૩/૧૫ દાખલ થયેલ. જેની આજરોજ તા. ૨૪/૭/૨૦૧૫ના રોજની સુનાવણી થયેલ. નામદાર કોર્ટના થયેલ ચર્ચા મુજબ તથા સુનાવણી પછી મદદનીશ સરકારી વકીલશ્રી રાકેશ પટેલ સાથે થયેલ ચર્ચા વિચારણા અનુસાર સદરહુ સંસ્થાનો ચુંટણી કાર્યક્રમ સ્થગિત કરવા મૌખિક સુચના આપેલ છે. તે મુજબ અત્રેની કચેરીના તા. ૧૪/૭/૨૦૧૫ના હુકમથી નક્કી કરેલ મતદાર મંડળો તથા ચુંટણી અંગેનો કાર્યક્રમ હાલના તબક્કે સ્થગિત કરવામાં આવે છે. જેથી ચુંટણી અંગેની પ્રક્રિયા હાલના તબક્કે સ્થગિત કરવામાં આવે છે.

સહી/-

ચુંટણી સત્તાધિકારી

ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી.

અને

પ્રાંત અધિકારી, ગાંધીનગર